સમાજ સુરક્ષા ખાતાની દિવ્યાંગ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાના કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક- અપગ/૧૦૨૦૨૦/૬૬૪૦૮૮/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૭/૦૯/૨૦૨૦.

વંચાણે લીધા:-

(૧) નામદાર હાઈકોર્ટની એસ.સી.એ.નં. ૯૫૧૬/૨૦૧૮ના તા.૧૨/૧૨/૨૦૧૮ના ચુકાદા અને તે અન્વયે થયેલ કન્ટેમ્પ્ટ પીટીશન નં: ૪૫૦/૨૦૧૯ તેમજ એસ.સી.એ.નં. ૪૪૬૨/૨૦૧૯ના તા.૦૮/૦૪/૨૦૧૯ના ચુકાદા અને તે અન્વયે થયેલ કન્ટેમ્પ્ટ પીટીશન નં: ૧૧૯૦/૨૦૧૯

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૫/૦૨/૨૦૨૦ના પત્ર ક્રમાંક :અપગ/૧૦૨૦૧૮/૪૯૪૩૩૦/છ.૧

(૩) નાણાં વિભાગનો તા.૧૬/૦૮/૧૯૯૪નો ઠરાવ ક્રમાંક:પગર/૧૧૯૪/૪૫/મ.

(૪) નાણાં વિભાગનો તા.૧૪/૦૮/૧૯૯૮નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૯૮/૪૧/મ.

(૫) નાણાં વિભાગનો તા.૦૧/૦૧/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:પગર-૧૦૨૦૧૬-યુઓ-૧૨૧-(૨૨)-પ.એ.

(૬) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૩૦/૦૭/૨૦૨૦નો જા.નં.અપગ/૨૦-૨૧/૫૫૬.

હુકમ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરની પીટીશનોના નામ. હાઈકોર્ટના ચુકાદાઓ અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના પત્રથી આ પીટીશનોના પીટીશનર ગ્રાન્ટ ઈન એઇડ સ્વૈચ્છિક સંસ્થાઓના શિક્ષકો/કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે. નાણા વિભાગના ક્રમાંક (૩) થી (૫) પરના ઠરાવોની જોગવાઈઓ ધ્યાને લઈ, નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૬) પરના પત્રથી આ પીટીશનરો પૈકી કુલ-૫ પીટીશનરોનું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા બાબતે કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે તા.૩૦/૦૭/૨૦૨૦ના રોજ વિભાગના સમિતિ ખંડમાં યોજાયેલ વિભાગીય સમિતિની બેઠકની કાર્યવાહી નોંધ અન્વયે નીચેના કોષ્ઠકમાં દર્શાવેલ ૩- કર્મચારીઓનું તેઓના નામ સામે

દર્શાવેલ કોલમ (૪) મુજબ કોલમ (૫)માં દર્શાવેલ તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણ આથી મંજૂર કરવામાં આવે છે.

| ક્રમ | નામ અને હોદ્દો | મળવાપાત્ર ઉચ્ચતર પગાર ધોરણ | પગાર ધોરણ | ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર તારીખ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | ચંદુભાઇ એમ. પટેલ, આચાર્ય | દ્વિતીય | ૮૦૦૦-૧૩૫૦૦ (વર્ગ-૧) | ૦૧/૦૮/૨૦૦૧ |
| ૨ | રમેશભાઇ એમ. ઠાકર, આચાર્ય | દ્વિતીય | ૮૦૦૦-૧૩૫૦૦ (વર્ગ-૧) | ૦૧/૦૨/૨૦૦૧ |
| ૩ | સંતુભાઇ ડી. પટેલ, આચાર્ય | દ્વિતીય | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રે.પે. ૫૪૦૦ (વર્ગ-૧) | ૨૧/૦૨/૨૦૦૮ |

નાણા વિભાગના તા.૦૨/૦૭/૨૦૦૭ના ઠરાવની જોગવાઈ ક્ર.૧ (૧) મુજબ ઉક્ત ત્રણેય કર્મચારીઓને ત્રીજું ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થતું નથી.

ઓડિયોલોજિસ્ટ શ્રી અનિલકુમાર.આર.સિંહએ સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૦૯/૨૦૦૬ના ઠરાવ મુજબ સી.સી.સી+ પરીક્ષા પાસ કરેલ ન હોય, નિયમોનુસાર દ્વિત્તીય ઉચ્ચતર પગાર ધોરણની દરખાસ્ત નામંજુર કરવામાં આવે છે.

નીચેના કોષ્ટકમાં દર્શાવેલ કર્મચારીના નામ સામે રીમાર્ક્સ લખેલ છે, તે પ્રમાણે નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવી.

| | | |
|---|---|---|
| ૧ | જાગૃતિબેન એ. જોષી, ટ્રેનિંગ કો ઓર્ડિનેટર (એકાંકી સંવર્ગ) | ૧૨-૨૪ મુજબ ઉચ્ચતર પગાર ધોરણની દરખાસ્ત કરવાની રહેશે. |

વંચાણે લીધેલ ક્રમાંક (૩) થી (૫) પરના નાણા વિભાગના ઠરાવની જોગવાઈને આધીન રહીને પગાર બાંધણી અંગેના વિધિસરના હુકમો નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરે કરવાના રહેશે.

ઉક્ત તમામ કર્મચારીઓ પાસેથી "તેઓને મળેલ ઉચ્ચતર પગાર ધોરણ, જો પગાર બાંધણી વખતે કે ત્યારબાદ વધું રકમનું ચુકવણું થયેલ હોવાનું જણાશે, તો તે ચુકવણું પરત કરશે" તે મુજબની બાંહેધરી લેવાની રહેશે.

ઉક્ત તમામ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાના કર્મચારીઓ સરકારી કર્મચારી જેવા જ લાભો મેળવતા હોઈ, સરકારી કર્મચારીઓને લાગુ પડતાં સેવા વિષયક નિયમો જેવા કે, શિસ્ત અને અપીલ નિયમો, બદલી, રજા, ખાનગી અહેવાલો તથા અન્ય નિયમો સરકારશ્રી નક્કી કરે તે પ્રમાણે બંધનકર્તા રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

patelDC

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા )
- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા )
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- સંબંધિત કર્મચારીઓ ( મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા )
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.